# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-10-2023** **Midday: 1.20 to 1.20pm**

**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

- ભારતીય હવાઈ દળ આજે તેનો 91મો સ્થાપના દિવસ ઉજવી રહ્યું છે.
- સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ આવતીકાલથી 12 ઓક્ટોબર સુધી ઈટાલી અને ફ્રાન્સની મુલાકાતે જશે.
- CBI એ નાગરિક સંસ્થામાં કથિત ભરતી કૌભાંડ મામલે પશ્ચિમ બંગાળના મંત્રી ફિરહાદ હકીમના નિવાસસ્થાને દરોડા પાડ્યા છે.
- આદિજાતિ બાબતોના મંત્રી અર્જુન મુંડાએ ઝારખંડ માં આદી મહોત્સવનું ઉદ્ઘાટન કર્યું
- ઇઝરાયેલ અને હમાસ વચ્ચે ચાલી રહેલી યુદ્ધની સ્થિતિ વચ્ચે , લેબનોનના હિઝબુલ્લા જૂથે આજે ઇઝરાયેલમાં ત્રણ સ્થળો પર રોકેટ છોડ્યા છે.
- અફઘાનિસ્તાનમાં 6.3ની તીવ્રતાના આવેલા ભૂકંપમાં મૃત્યુઆંક વધીને 2000 થયો છે,

..........................................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# AIRFORCE DAY-GREETINGS

ભારતીય હવાઈ દળ આજે તેનો 91મો સ્થાપના દિવસ ઉજવી રહ્યું છે. સમગ્ર દેશમાં આજે ભવ્ય પરેડ અને વિવિધ ઉજવણીઓનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ઉત્તરપ્રદેશના પ્રયાગરાજમાં બમરૌલી હવાઈ દળ કેન્દ્ર ખાતે એરફોર્સ તેનું નવું પ્રતિક ચિહ્ન બહાર પાડશે. બમરૌલીમાં ઔપચારિક પરેડમાં સ્કાય પેરા જમ્પર્સ તેમના કરતબો બતાવશે. પ્રથમ વખત મહિલા અગ્નિવીરની બટાલિયનને પણ પરેડમાં સામેલ કરવામાં આવી છે. હવાઈ પ્રદર્શનમાં લડાકુ વિમાન રાફેલ પણ સામેલ કરવામાં આવશે. પ્રથમ વખત, 5 હેલિકોપ્ટરની ટીમ - સારંગ પણ પ્રદર્શનમાં ભાગ લઈ રહી છે. આ ઉપરાંત , સ્કાય ગંગા ડિસ્પ્લે ટીમ પણ એક્શનમાં હશે. આ કાર્યક્રમમાં મિગ-21ને ઔપચારિક વિદાય આપવામાં આવશે અને પરિવહન વિમાન C-295ને હવાઈ દળમાં સામેલ કરવામાં આવશે.

આ પ્રસંગે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ , ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે વાયુસેના દિવસ નિમિત્તે, તમામ હવાઈ યોદ્ધાઓ અને તેમના પરિવારજનોને શુભેચ્છાઓ પાઠવી છે. શ્રી મુર્મુએ સોશિયલ મીડિયા માધ્યમથી જણાવ્યું છે કે ભારતીય વાયુસેના વધુને વધુ ઊંચાઈઓ સર કરી રહી છે. રાષ્ટ્રને ગર્વ છે કે આવી મજબૂત , હિંમતવાન અને ગતિશીલ વાયુસેના હંમેશા પડકારોનો સામનો કરવા તત્પર રહે છે. તેમણે વધુમાં ઉમેર્યું છે કે , આપણા પ્રેરણાદાયી હીરો માત્ર આકાશનું જ રક્ષણ નથી કરતા , પરંતુ માનવતાવાદી સહાયમાં પણ મોખરે રહે છે.

ઉપરાષ્ટ્રપતિ શ્રી ધનખડે જણાવ્યું છે કે , ભારતીય વાયુસેનાના બહાદુર પુરૂષો અને મહિલાઓ આપણા રાષ્ટ્રની સાર્વભૌમની રક્ષા કરીને આકાશમાં ઉડાન ભરે છે.

પ્રધાનમંત્રી શ્રી મોદીએ જણાવ્યું છે કે , ભારતને ભારતીય વાયુસેનાની બહાદુરી, પ્રતિબદ્ધતા અને સમર્પણ પર ગર્વ છે. તેમની મહાન સેવા અને બલિદાન એ વિશ્વાસ અપાવે છે કે આપણું આકાશ સુરક્ષિત છે.

ઉલ્લેખનીય છે કે, ભારતીય વાયુસેનાની રચનાની યાદમાં આજના દિવસને એરફોર્સ ડે તરીકે ઉજવવામાં આવે છે. સત્તાવાર રીતે આ દિવસની સ્થાપના 8મી ઓક્ટોબર , 1932ના દિવસે કરવામાં આવી હતી.

# RAJNATH VISIT

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ આવતીકાલથી 12 ઓક્ટોબર સુધી ઈટાલી અને ફ્રાન્સની મુલાકાતે જશે. રોમમાં ઇટાલીના સંરક્ષણ મંત્રી ગુડો ક્રાઇસ્ટોને મળવાના છે. ઉલ્લેખનીય છે કે ઇટાલીના પ્રધાનમંત્રીની ભારત મુલાકાત દરમિયાન આ વર્ષે માર્ચમાં ભારત અને ઇટાલી વચ્ચેના સંબંધોને વ્યૂહાત્મક ભાગીદારીમાં પરિવર્તિત કરવામાં આવ્યા હતા.

પ્રવાસના બીજા તબક્કામાં , શ્રી સિંહ પેરિસમાં તેમના સમકક્ષ , ફ્રાન્સના સશસ્ત્ર દળના મંત્રી સેબેસ્ટિયન લેકોર્નુ સાથે 5મો વાર્ષિક સંરક્ષણ સંવાદ યોજશે. ભારત અને ફ્રાન્સે તાજેતરમાં વ્યૂહાત્મક ભાગીદારીના 25 વર્ષની ઉજવણી કરી હતી. રોમ અને પેરિસ બંને દેશોમાં સંરક્ષણ મંત્રી સંરક્ષણ ઉદ્યોગના મુખ્ય કાર્યકારી અધિકારીઓ અને વરિષ્ઠ પ્રતિનિધિઓ સાથે ઔદ્યોગિક સહયોગ માટેની સંભવિત તકોની ચર્ચા પણ કરશે.

# CBI--BENGAL-MINISTER

કેન્દ્રિય તપાસ પંચ CBI એ નાગરિક સંસ્થામાં કથિત ભરતી કૌભાંડ મામલે પશ્ચિમ બંગાળના મંત્રી ફિરહાદ હકીમના નિવાસસ્થાને દરોડા પાડ્યા છે.

સીબીઆઈના અધિકારીએ જણાવ્યા મુજબ અદાલતના આદેશ અનુસાર ગ્રુપ સી અને ગ્રુપ ડીની જગ્યાઓ પર ગેરકાયદેસર મ્યુનિસિપલ ભરતી અંગે દરોડા પાડીને તપાસ કરવામાં આવી રહી છે. કલકત્તા વડીઅદાલતે સીબીઆઈને સમગ્ર પશ્ચિમ બંગાળમાં કથિત ભ્રષ્ટાચારની તપાસ અદાલતની દેખરેખ હેઠળ હાથ ધરવા આદેશ આપ્યો હતો. અગાઉ , EDના અધિકારીઓએ કથિત ભ્રષ્ટાચારના સંબંધમાં પશ્ચિમ બંગાળના ખાદ્ય અને પુરવઠા મંત્રી રથિન ઘોષના નિવાસસ્થાને દરોડા પાડ્યા હતા.

# JHARKHAND - AADI MAHOTSAV

આદિજાતિ  બાબતોના મંત્રી અર્જુન મુંડાએ ગઈકાલે ઝારખંડના જમશેદપુરમાં  આદી મહોત્સવનું ઉદ્ઘાટન કર્યું હતું. દસ દિવસ સુધી ચાલનારા આ ઉત્સવમાં દેશભરમાંથી કળા અને હસ્તકલા પ્રદર્શિત કરવામાં આવી રહી છે. મહોત્સવમાં  336 અતિ પછાત જાતિઓ , આદિવાસી સમુદાયો અને વન-ધન વિકાસ કેન્દ્રોના સ્ટોલ ઉભા કરવામાં આવ્યા છે.

આ પ્રસંગે શ્રી મુંડાએ જણાવ્યું હતું કે આદી મહોત્સવ દેશભરના આદિવાસી સમુદાયોમાં એક ભારત શ્રેષ્ઠ ભારતની ભાવના ફેલાવી રહ્યો છે. તેમણે કહ્યું કે આવા કાર્યક્રમો આદિવાસી લોકોને એક મંચ પૂરો પાડે છે.  શ્રી મુંડાએ જણાવ્યું હતું કે આ મહોત્સવ ગ્રાહકોને આદિવાસી ઉત્પાદનો તરફ આકર્ષિત કરશે.

# ASSAM MILITANTS

આસામ સરકાર ગુવાહાટીમાં એક હજાર 182 આદિવાસીઓને ચાર લાખ રૂપિયાની આર્થિક સહાય આપશે. આ તમામ આદિવાસીઓ અગાઉ ઉગ્રવાદી ગતિવિધિઓ સાથે સંકળાયેલા હતા અને આ વર્ષે 5 જુલાઇના રોજ તેઓ શસ્ત્રો ત્યજીને મુખ્ય પ્રવાહમાં જોડાયા હતા.

આસામના આ તમામ આદિવાસી ઓ કોબ્રા મિલિટરી , ઓલ ટ્રાઇબલ નેશનલ લિબરેશન આર્મી, બિરસા કમાન્ડો ફોર્સ, ટ્રાઇબલ પીપલ્સ આર્મી અને સંથાલ ટાઈગર ફોર્સ સાથે સંકળાયેલા હતા.

આત્મસમર્પણ કરનારા સૌથી વધુ 453 આદિવાસી લોકો કોબ્રા મિલિટરીના છે. આવતીકાલે મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમા તેમને ચાર લાખ રૂપિયાનો ચેક અર્પણ કરશે. અમારા ગુવાહાટીના સંવાદદાતાના જણાવ્યા અનુસાર આ તમામ પાંચ જૂથોએ ગયા વર્ષે કેન્દ્ર અને આસામ સરકાર સાથે ત્રિપક્ષીય શાંતિ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

# ISRAEL-HAMAS-UPDATE-

ઇઝરાયેલ અને હમાસ વચ્ચે ચાલી રહેલી યુદ્ધની સ્થિતિ વચ્ચે , લેબનોનના હિઝબુલ્લા જૂથે આજે ઇઝરાયેલમાં ત્રણ સ્થળો પર રોકેટ છોડ્યા છે. આ સાથે ઇઝરાયેલના નિયંત્રણ હેઠળના ગોલાન હાઇટ્સ પર પણ રોકેટ છોડવામાં આવ્યા હતા. પેલેસ્ટાઈનના સમર્થનમાં આહુમલા કર્યા હોવાનું હિઝબુલ્લાહ જૂથે કહ્યું હતું. જવાબમાં ઇઝરાયેલે પણ લેબનીઝ સ્થળો પર હુમલો કર્યો હતો અને હિઝબુલ્લાહને સંઘર્ષથી દૂર રહેવા ચેતવણી આપી હતી. દરમિયાનઈઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહુએ ગાઝામાં રહેતા લોકોને આ જગ્યા છોડી દેવા જણાવ્યુ હતું.

ઇઝરાયેલ પર આંતકવાદી જુથ હમાસે કરેલા હુમલામાં ૩ લાખથી વધુ લોકોના મોત અને 1500થી વધુ લોકો ઇજાગ્રસ્ત થયા છે. તેની સામે ઇઝરાયેલી સૈન્યએ શરૂ કરેલા ઓપરેશન સ્વોર્ડ ઓફ આયર્નમાં ગાઝા પટ્ટીમાં હમાસના 17 સ્થળો અને ચાર ઓપરેશનલ કમાન્ડ સેન્ટરને નિશાન બનાવ્યા છે , જેમાં 230 થી વધુ લોકો માર્યા ગયા છે. ઈઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહુએ આ હુમલાની સખત નિંદા કરીને યુદ્ધની જાહેરાત કરી છે. અહેવાલો અનુસાર ઇઝરાયેલમાં શાર હાનેગેવ પ્રાદેશિક પરિષદના વડા , ઓફિર લિબસ્ટીન પણ હમાસના હુમલામાં માર્યા ગયા છે અને ગાઝામાં ઘણા ઈઝરાયેલી નાગરિકોને બંધક બનાવવામાં આવ્યા છે.

દરમિયાન વિશ્વના અગ્રણી નેતાઓએ હમાસના આતંકવાદીઓ દ્વારા ઈઝરાયેલ પરના આ હુમલાની નિંદા કરી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સંકટની આ ઘડીમાં ભારતની સંવેદના ઈઝરાયેલના નિર્દોષ પીડિતો અને તેમના પરિવારો સાથે હોવાનું કહ્યું છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ જો.

બાઈડેને આતંકવાદને કોઈપણ સંજોગોમાં ન્યાયી ઠેરવી શકાય નહીં તેમ જણાવતા અમેરિકા ઈઝરાયેલની સરકાર અને લોકો સાથે છે. તેમ કહ્યું હતું. બ્રિટનના પ્રધાનમંત્રી ઋષિ સુનાકે હમાસના હુમલા અંગે આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું.

દરમિયાન હમાસના હુમલા બાદ પેલેસ્ટાઈનમાં ભારતના પ્રતિનિધિ કાર્યાલયે રામલ્લાહમાં રહેતા ભારતીય નાગરિકોને કટોકટીની આ સ્થિતિમાં તેમના કાર્યાલયનો સંપર્ક કરવા જણાવ્યું છે. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ આજે ઇઝરાયેલ પર હમાસના હુમલા અંગે મધ્ય પૂર્વની સ્થિતિ અંગે બેઠક યોજશે.

# AFGHANISTAN QUAKE

અફઘાનિસ્તાનમાં 6.3ની તીવ્રતાના આવેલા ભૂકંપમાં મૃત્યુઆંક વધીને 2000 થયો છે, અને કેટલાક લોકો કાટમાળ નીચે દટાયા હોવાના કારણે મૃત્યુઆંક વધવાની શક્યતા છે. ભૂકંપથી લગભગ 465 ઈમારતો નાશ પામી છે જ્યારે 135 ઈમારતોને નુકસાન થયું હતું. હેરાતમાં ટેલિફોન સેવા ખોરવાઈજવાથી અસરગ્રસ્ત લોકો સુધી પહોંચવું મુશ્કેલ બન્યું છે.

# ADD SIKKIM

સિક્કિમમાં ગત 4 ઓક્ટોબરે તિસ્તા નદીમાં આવેલા પૂરમાં સેનાના નવ જવાન સહિત 3 2 લોકોના મોત થયા છે અને 221 લોકો લાપતા થયા છે. સિક્કિમ રાજ્ય આપત્તિ નિવારણ સત્તા મંડળના જણાવ્યા અનુસાર અત્યાર સુધીમાં 2 હજાર 563 લોકોને બચાવી લેવામાં આવ્યા છે જ્યારે 26 લોકો ઘાયલ થયા છે.

આ સાથે લગભગ સાત હજાર પચીસ લોકોને 30 રાહત શિબિરોમાં લઇ જવાયા છે. કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી અજય કુમાર મિશ્રાએ આજે મુખ્યમંત્રી પ્રેમ સિંહ તમાંગના નિવાસસ્થાને મુલાકાત કરીને બચાવ કામગીરી તેમજ નુકસાન થયેલ સંપત્તિનાં પુનઃસ્થાપન માટે જરૂરી પગલાં લેવા અંગે ચર્ચા કરી હતી.

# REV. KARNATAKA FIRE

કર્ણાટકમાં, ગઈકાલે ફટાકડાના ગોડાઉનમાં લાગેલી આગમાં 14 લોકોના મોત થયા છે. ઘટના સમયે ગોડાઉનમાં લગભગ 20 લોકો કામ કરી રહ્યા હતા. જેમાં દુકાનના માલિક સહિત ચાર લોકો દાઝી ગયા હતા. એક વ્યક્તિની હાલત ગંભીર છે. આગમાં ફટાકડા ભરેલા ટ્રક સહિત લગભગ છ વાહનો બળી ગયા હતા. ટ્રકમાંથી ફટાકડા ઉતારવામાં આવી રહ્યા હતા ત્યારે આગ લાગવાની ઘટના બની હતી.

કર્ણાટકના નાયબ મુખ્યમંત્રી ડીકે શિવકુમારે આ બનાવમાં મૃતકના પરિવારને પાંચ લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી છે.